ગાંધીનગર સમાચાર

# આજે સાંજથી પ્રચાર-પડધમ શાંત થશે

## આપણુ ગાંધીનગર-આગવુ ગાંધીનગર : ભાજપનો સંકલ્પ

**૨૧ જેટલા મુદ્દાઓને આવરી લેતુ સંકલ્પ પત્ર જારી કરાયું : સેક્ટરોમાં આતરિક શોપીંગ સેન્ટરો વિકસાવવા ઉપરાંત શાકભાજી અને અન્ય સીઝનલ ચીજવસ્તુઓના બજારને પણ વિકસાવવામાં આવશે**




ગાંધીનગર, તા. ૨૧

આપણુ ગાંધીનગર આગવું ગાંધીનગરની પરિકલ્પના સાથે સ્વચ્છ, સુંદર, સ્વસ્થ અને સુરક્ષિત ગાંધીનગર બનાવવાનો સંકલ્પ આજે ભારતીય જનતા પક્ષે તેના સંકલ્પપત્રમાં વ્યકત કર્યો છે.

પ્રદેશ ઉપાધ્યક્ષ આઈ.કે.જાડેજા, પ્રદેશ પ્રવકતા શ્રી ભરત પંડયા તથા પ્રભારી શ્રી રમીલાબેન બારાની ઉપસ્થિતિમાં આ સંકલ્પપત્ર જાહેર કરાયું હતું. ૨૧ જેટલા મુદ્દાઓને આવરી લેતા આ સંકલ્પ પત્રમાં 'ગાંધીનગર દર્શન' બસ સેવા, સ્પર્ધાત્મક પરીક્ષા માટે 'પથદર્શક કેન્દ્ર' 'કૌશલ્ય વિકાસ કેન્દ્ર' બનાવવા સહિતની વાતો કહેવામાં આવી છે.

આ સંકલ્પ પત્રમાં યુવા મતદારોને આકર્ષિત કરવાનો ભરપૂર પ્રયાસ કરવામાં આવ્યો છે. આ શહેરને સૌ પ્રથમ વાઈફાઈ સીટી બનાવવાની સાથે સાથે જન્મ મૃત્યુ

● અનુસંધાન પાન-૭ પર

## અમે તોડફોડની રાજનીતિમાં માનતા નથી : આઈ.કે. જાડેજા

ગાંધીનગર, તા. ૨૧

અમે તોડફોડની રાજનીતિમાં માનતા નથી અને સ્વીકારતા પણ નથી તેમ ભાજપના ઉપાધ્યક્ષ તેમજ ગાંધીનગર મનપાના ઈન્ચાર્જ શ્રી આઈ.કે. જાડેજાએ આજે પત્રકાર પરિષદમાં પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું

છેલ્લી ચૂંટણીમાં પ્રજાએ તમને વિપક્ષની ભૂમિકા માટેનો જનાદેશ આપ્યો હતો અને પક્ષાંતર કરાવી તમે સત્તાના સૂત્રો સંભાળ્યા હતા આ વખતે એવુ નહિ કરો ને ? તેવા પ્રશ્નના ઉત્તરમાં જાડેજાએ જણાવ્યું હતું કે કોંગ્રેસના આંતરિક જૂથવાદ અને ખેંચાખેંચીમાં કોઈ પક્ષ છોડી ભાજપમાં જોડાવ તો અમે આવકારીએ પણ અમે તોડ્યા હતા એવુ નથી.

તેમણે જણાવ્યું હતું કે આ ચૂંટણીમાં ભાજપ ૨/૩ કરતાં પણ વધુ બહુમતિ સાથે ચૂંટણીમાં વિજયી બનશે એમાં કોઈ શંકા નથી. ભાજપ વિકાસની રાજનીતિમાં માને છે તોડફોડની રાજનીતિમાં નહિ.

તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર શહેર માટે કોંગ્રેસ પાણીમાંથી પોરા કાઢવાની જે રાજનીતિ કરે છે તે તેમને મુબારક. તેમણે જણાવ્યું હતું કે ભાજપ સ્પષ્ટ નીતિ, સર્વસમાવેશક વિકાસ અને સમરસ સમાજ નિર્માણના અભિગમ પર આગળ વધી રહેલ છે.

શ્રી જાડેજાએ જણાવ્યું હતું કે મનપાની રચના પછી ૧૦૦ કરોડનું બજેટને બદલે સરકારના વિવિધ અનુદાનોને કારણે બજેટ રૂ. ૨૦૦ કરોડનું થયુ હતુ તે જ બતાવે છે કે વિકાસ એ જ અમારૂ લક્ષ્ય છે.

## ગાંધીનગરમાં ભાજપના પરાજયની પરંપરા ભૂંસવી છે : મુખ્યમંત્રી

**વોર્ડ ૭ અને ૮ની મુલાકાતે ગયેલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કાર્યકર્તાઓને કરેલી ટકોર**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં જ ભાજપના પરાજયની પરંપરા ભૂંસવી છે અને એ માટે બધાએ સખ્ત મહેનત કરવી જરૂરી છે તેમ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે કહ્યું છે.

ગઈકાલે મોડી રાત્રે તેમણે વોર્ડ નં. ૭ અને ૮ના ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયોની મુલાકાત લઈ પ્રચાર અભિયાનની વિગતો મેળવતાં ઉપરોક્ત શીખ કાર્યકરોને આપી હતી તેમજ રાજ્ય મંત્રીમંડળના સભ્યોના કાર્યાલયોના કર્મચારીઓના ઘરે મંત્રીઓ જાય અને સૌને ભાજપની તરફેણમાં મતદાન થાય તે જુવે તેવી વ્યવસ્થા પર પણ ભાર મુક્યો હતો.

રાજ્યમાં ભાજપ, કેન્દ્રમાં ભાજપ પણ ગાંધીનગમરાં નહિ તે છાપ ભૂંસવી જ રહી આ માટે મહેનત કરીએ.

તેમણે જણાવ્યુ હતુ કે કાર્યકર્તા મતદારોના ઘરે જાય એવુ નહિ કાર્યકર્તાની સક્રિયતા એટલી હોવી જોઈએ કે મતદારને મન થાય કે તે ભાજપને જ મત આપશે. ઘરે જાવ, બેસો પરિવારની ચિંતામાં સહભાગી બનો અને સાથી બની તેના ઉકેલ માટે યત્ન કરો. સે. ૮ના તેમના નિવાસસ્થાનમાં રહેતા પરિવાર માટે તેમને કોઈ ભલામણ કરવા આવ્યુ નહિ હોવા અંગે નારાજગી વ્યક્ત કરી જણાવ્યું કે મંત્રીમંડળના સૌ મંત્રીઓને ડોર ટુ ડોર અભિયાનમાં સક્રિય બનાવવા કાર્યકર્તાઓ જાય.

તેમણે પેજ પ્રમુખોની નિમણુંકથી સંતોષ નહિ પણ વધુમાં વધુ મતદાન પક્ષની તરફેણમાં થાય તે જોવા જણાવ્યું હતું.

વોર્ડ નં. ૮માં ઉમેદવારની જીત નહિ બુથ જીતવાની કાર્યકર્તાઓની લાગણી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો તેમજ વોર્ડમાં મતદારોના અભિગમ વિશેની જાણકારી મેળવી મહિલા જાગૃતિ પર ભાર મુક્યો હતો.

## આર.ટી.ઓ. કચેરીના ડ્રાઈવીંગ ટ્રેક ટેકનિકલ ખામીના લીધે અરજદારો ધક્કે ચઢયા

**ટ્રેકમાં વિજ જોડાણ ખોરવાતા આકરી ગરમીમાં અરજદારોએ ધક્કા ખાવાનો વારો આવ્યો**

ગાંધીનગર તા ૨૧

શહેરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં વારંવાર ટેકનિકલ ખામીઓ સર્જાતા અરજદારોએ દયાજનક સ્થિતિમાં મુકાવુ પડે છે. પેપરલેસ આર ટી ઓ કચેરીમાં આમ નાગરિકોએ ધક્કા ખાવાનો વારો આવે છે. આજે પણ સંકુલમાં સ્થિત ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકમાં ટેકનિકલ ખામી સર્જાતા કામગીરી ખોરવાઈ હતી. આ સ્થિતિ વચાળે ટેસ્ટ માટે આવેલા અરજદારોએ પાછા ફરવાનો વારો આવ્યો હતો.

શહેરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં પેપરલેસ વહીવટ સાથે અરજદારોની રજુઆતોના ઝડપી નિકાલ આવે તેવી વ્યવસ્થા ગોઠવામાં આવી હોવાની સુફિયાણી વાતો થાય છે. ત્યારે આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્વર ડાઉન

● અનુસંધાન પાન-૭ પર

## બેટર સીટી - બેટર લાઈફ બનાવવા કોંગ્રેસનો સંકલ્પ

**ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનો કોંગ્રેસ પક્ષ દ્વારા જાહેર કરેલો ચૂંટણી ઢંઢેરો**



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં "બેટર સિટી બેટર લાઈફ" બનાવવાનો સંકલ્પ જાહેર કરતા કોંગ્રેસ પક્ષે તેનો ચૂંટણી ઢંઢેરો પ્રસિદ્ધ કરેલ છે. આ ચૂંટણી ઢંઢેરામાં નગરજનોને પીવાનું શુદ્ધ પાણી, ઈમ્પેક્ટ ફીનો અમલ તેમજ વેરા વસુલતાની પ્રક્રીયા પારદર્શક બનાવવાની બાબતને પ્રાથમિકતા આપવાની જાહેરાત કરી છે.

ગાંધીનગરના શહેરીજનોની નાનામાં નાની જરૂરીયાત તેમજ અત્યારે પડી રહેલી મુશ્કેલીઓ નિવારવા માટે તલસ્પર્શી અભ્યાસ કરી કોંગ્રેસ પક્ષ દ્વારા આજે મહાનગરપાલિકાની ચૂંટણી માટે ઢંઢેરો પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ડૉ. કૌશિક શાહે આ ચૂંટણી ઢંઢેરો જાહેર કરતાં જણાવ્યું છે કે કોંગ્રેસ પક્ષ આગામી દિવસોમાં મહાત્મા ગાંધીજીના આદર્શો સાથે પૂ. રવિશંકર મહારાજે ગાંધીનગર શહેર માટે કરેલી પરિકલ્પનાને સાકાર કરવામાં આવશે. સ્વચ્છ અને સ્વસ્થ ગાંધીનગરના સૂત્રને સાકાર કરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસનો જંગ અન્યાય સામે ન્યાય મેળવવાનો છે : હિંમતસિંહ પટેલ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાની રચના પછી બંધારણીય જગ્યાઓ પર નિમણુંકો નહિ કરી અને બંધારણીય જોગવાઈઓ મુજબની સત્તાઓ સુપ્રત નહિ કરી ગાંધીનગરને અન્યાય કરવાની રાજનીતિ રાજ્ય સરકાર કરે છે અને આ જંગ માટે કોંગ્રેસ પ્રજાની પડખે રહી પુરા જોમ અને જુસ્સાથી લડશે તેમ કોંગ્રેસ પ્રભારી શ્રી હિંમતસિંહ પટેલે પત્રકારોને જણાવ્યું હતું.

તેમણે પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે સક્રિયતા સાથે સુશાસનની દિશામાં પ્રજાને ગુમરાહ નહિ કરાય એટલુ જ નહિ ગાંધીનગરને તેના હક્ક મળે તે માટેના પ્રયાસોમાં કોઈ કમી પણ રખાશે નહિ.

પક્ષપલ્ટો ના થાય તે માટે અમે ઉમેદવારોની પસંદગીમાં અમે કાળજી લીધી છે પરંતુ ઉત્તરાખંડ અને અરૂણાચલ પ્રદેશમાં ભાજપે જે તોડફોડની રાજનીતિ કરી છે તેની ન્યાયલયોએ પણ ગંભીર નોંધ લીધી છે એ ભુલવુ ના જોઈએ.

ઉમેદવારો પાસેથી અમે કોઈ સોગંદનામા લીધા નથી. પંચાયતમાં એવુ થયુ હશે શહેરી વિસ્તારોમાં આવી પ્રથા પક્ષે ક્યારેય અપનાવી નથી.

તેમણે જણાવ્યુ હતુ કે મનપાનો કાઉન્સીલર સક્રિય રીતે મનપાની ગરિમાને પુનઃ પ્રસ્થાપિત કરશે એટલુ જ નહિ પ્રજાહિતમાં ભ્રષ્ટાચાર મુક્ત શાસન આપવા અમે કટિબદ્ધ છીએ.













પ્રચાર ઝુંબેશ પરાકાષ્ટાએ - શુક્રવારે સાંજે પાંચ વાગ્યે પ્રચારના પડઘમ બંધ થશે... છેલ્લા ૨૪ કલાકમાં ઉમેદવારો અને પક્ષના કાર્યકરોએ ડોર ટુ ડોર અભિયાનને ઘનિષ્ઠ બનાવ્યું હતું... ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો ઘરે-ઘરે ફરીને ૨૪મીના મતદાન માટે અપીલ કરતા નજરે પડતા હતા... શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં પ્રચારનો ધમધમાટ ખૂબ જ વધી ગયો છે... મુખ્યમંત્રીથી લઈ મંત્રીમંડળના સભ્યો, કોંગ્રેસના પ્રદેશ નેતાઓ અને કાર્યકરોના મોટા સમુહો ઠેર - ઠેર નજરે પડે છે...સૌ પોતપોતાના પક્ષ માટે પ્રચાર ઝુંબેશને જોરશોરથી વેગ આપી રહ્યા છે... આ વખતની ચૂંટણીમાં કાર્યકરોની સક્રિયતા બંને પક્ષે દેખાઈ આવે છે... સભાઓ કરતા સંપર્કોને મહત્વ વધારે અપાઈ રહ્યું છે... છેલ્લા એક સપ્તાહથી ચાલતી સંપર્ક યાત્રાથી કાર્યકરો અને ઉમેદવારોના ચહેરા પર થકાવટ લાગે છે પરંતુ ઝુંબેશને વધુ વેગ આપવા જોમ અને જુસ્સાથી લડી રહ્યા છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે સાંજથી પ્રચાર-પડધમ શાંત થશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણીના પ્રચાર પડધમ આજે સાંજે પાંચ વાગે બંધ થઈ જશે.

આજે પ્રચાર અભિયાનના અંતિમ દિવસે ભાજપ-કોંગ્રેસ સહિતના પક્ષો દ્વારા વિવિધ વોર્ડમાં રેલીઓનું આયોજન કરવામાં આવ્યું છે.

રવિવારે યોજાનારા મતદાનને લઈ હવે ઉમેદવારો આજે સાંજથી મતદાન મથકોના માઈક્રો પ્લાનીંગમાં વ્યસ્ત બનશે. ૧૦ દિવસની પ્રચાર અભિયાન ઝુંબેશમાં ઉમેદવારોએ ડોર ટુ ડોર પ્રચારને અગ્રતા આપી છે.

ગઈકાલે રાત્રે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ વોર્ડ નં. ૭ અને ૮ના મધ્યસ્થ કાર્યાલય પર ગયા હતા તો વોર્ડ નં. ૩માં રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં યુવા સંમેલન મળ્યું હતું.

બીજી તરફ કોંગ્રેસ પક્ષ દ્વારા વિધાનસભા વિપક્ષના પૂર્વનેતા શ્રી શક્તિસિંહ ગોહિલ અને પૂર્વ પ્રદેશ પ્રમુખ શ્રી અર્જુન મોઢવાડિયા, ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, કામીના બા રાઠોડ, નિરંજન પટેલ, પ્રદેશ મહામંત્રી બાબુભાઈ પટેલ સહિતના અગ્રણીઓ પ્રચાર અભિયાનમાં જોડાયા હતા.

આજે શહેરની ચૂંટણીને લઈ ભાજપ કોંગ્રેસ એમ બન્ને મુખ્ય રાજકીય સ્પર્ધકોએ તેમના ચૂંટણી સંકલ્પ પત્રો પણ જાહેર કર્યા છે.

જય કોમ્પ્યુટર્સ
ગુજરાતી, અંગ્રેજી, હિન્દી
કોમ્પ્યુટર ટાઈપીંગ અરજન્ટ
વ્યાજબી ભાવે કરવા મળો.
પ્લોટ નં. ૧૩૫૩/૧,
સેક્ટર-૫/એ, ગાંધીનગર
ચેતન પારેખ
મો. ૯૭૨૩૨૫૩૩૭૯
મો. ૯૭૨૩૮૫૧૯૮૯
chetan_parekh001@yahoo.co.in

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

## માઉન્ટ કાર્મેલના વિદ્યાર્થીઓએ ઉઘરાવેલો ફાળો પરત કરાશે

**શાળામાં નવો માળ બાંધવા માટે વિદ્યાર્થીઓને ફાળો ઉઘરાવા માટે ફરજ પાડવામાં આવી હતી ડી.ઈ.ઓ.ની નોટીસ બાદ શાળાના આચાર્યએ નોટીસ બોર્ડ પર આખરે સુચના ચિપકાવી**

ગાંધીનગર તા ૨૧

શહેરની સે-૨૧ માઉન્ટ કાર્મેલ શાળામાં બિલ્ડીંગના નવા બાંધકામ માટે વિદ્યાર્થીઓને ફાળો ઉઘરાવાની ફરજ પાડવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠતા શિક્ષણતંત્ર દ્વારા હાથ ધરાયેલી તપાસના અંતે હકીકત પ્રકાશમાં આવતા આખરે વિદ્યાર્થીઓ અને વાલીઓને રસીદ આપી ફાળો પરત મેળવી લેવા શાળાના આચાર્યએ સુચના આપી છે. આગામી તા ૨૫ થી ૩૦ એપ્રિલ દરમિયાન વિદ્યાર્થીઓને ફાળાની રકમ પરત કરી દેવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે.

શહેરની માઉન્ટ કાર્મેલ શાળામાં નવા બિલ્ડીંગના કામ માટે ફાળો ઉઘરાવા માટે વિદ્યાર્થીઓને રીસીપ્ટ બુક આપી ઉઘરાણાં કરવા માટેની ફરજ પાડવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જે અંગે વાલીમંડળ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને રજુઆત કરવામાં આવી હતી. જયારે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આ સમગ્ર મામલે તપાસ હાથ ધરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com